**ગુજરાત જમીનવિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગરની કચેરીનાં અધિકારી/કર્મચારીઓને સાતમા પગારપંચ અન્વયે પગારનાં તફાવતની રકમનું ચૂકવણું કરવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **TDD/HGY/e-file/25/2023/0402/G**

સચિવાલય, ગાંધીનગર

**તા.ઈ-સાઈન મુજબ**

**વંચાણે લીધા:-**

(૧) ગુજરાત જમીનવિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડનો તા.૧૭/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: જવિમ/પગર/૧૮૦૩/૨૦૧૭

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ

(૩) નાણા વિભાગનો તા.૧૭/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/ઓ-૪૫૭/ (૧૫)/પગારએકમ (અ)

(૪) નાણા વિભાગનો તા.૧૩/૦૩/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૫/૪૭૪/૧૮/ પગાર એકમ

(૫) આદિજાતિ વિકાસ વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૧૮/૧૧૩૭/ગ

**પ્રસ્તાવના:-**

નાણા વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૭ના વંચાણે લીધા ક્રમાંક (૩)ના ઠરાવથી રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/નિગમ કે જેના કર્મચારીઓના પગાર-ભથ્થાના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે તેવા બોર્ડ/નિગમના કર્મચારીઓને કેન્દ્રિય સાતમા પગારપંચના ભલામણ મુજબના સુધારેલ પગાર માળખા મુજબના લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે આદિજાતિ વિકાસ વિભાગના તા.૩૧/૦૧/૨૦૧૯ના વંચાણે લીધા ક્રમાંક: (૫)ના ઠરાવથી ગુજરાત જમીનવિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ (સાતમું પગારપંચ) અનુસાર અને તેની જોગવાઇઓને આધિન તા.૦૧/૦૧/૨૦૧૬થી "સ્કેલ ટુ સ્કેલ"ને ધોરણે પગાર સુધારણાનો લાભ આપવા નિર્ણય થયેલ હતો. આ ઠરાવની શરત ક્રમાંક: (૬)ના અનુસંધાને બોર્ડના કુલ-૧૯ (પત્રક-અ મુજબ) અધિકારી/કર્મચારીઓનો તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાનના સાતમા પગારપંચના પગારનો તફાવત ચૂકવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત જમીનવિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડમાં ફરજ બજાવતા પત્રક-અ મુજબના કુલ-૧૯ અધિકારીશ્રી/કર્મચારીઓને પત્રકની વિગતે તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીના સમયગાળા માટે ગુજરાત

રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ (સાતમું પગારપંચ) અન્વયે મંજુર કરેલ પગારના તફાવતની રકમ ચુકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) બોર્ડ દ્વારા ચુકવવાપાત્ર પગાર તફાવતની રકમની પુરતી ચકાસણી કરવાની કાળજી લેવાની રહેશે.

(૨) બોર્ડ દ્વારા સંબંધિતોને પગાર તફાવતની રકમની ચૂકવણી કર્યા અંગેની કાર્યવાહી પૂર્ણ કરી તેની આ વિભાગને જાણ કરવાની રહેશે.

(૩) નાણા વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૭ અને તા.૧૩/૦૩/૨૦૧૮ના ઠરાવની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જનક ભાલોડિયા)

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**% બિડાણ: ઉપર મુજબ**

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (જા.સા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.), કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.વિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીનવિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક-૧૧/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સેક્શન અધિકારી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા

વિનંતી સહ.

- સિલેક્ટ ફાઇલ

આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: **TDD/HGY/e-file/25/2023/0402/G**નું બિડાણ

## પત્રક-અ

| ક્રમ | નામ | હોદ્દો | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીના સમયગાળાનાં પગાર તફાવતની રકમ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ.ડી.જૈન | ના.કા.ઈ | ૫૫,૬૪૪/- |
| ૨ | શ્રી વાય.ડી.જોષી | સુપરવાઇઝર | ૫,૪૮,૨૪૦/- |
| ૩ | શ્રી બી.કે.ચૌહાણ | સુપરવાઇઝર | ૫,૪૮,૨૪૦/- |
| ૪ | શ્રી બી.આઇ.પ્રજાપતિ | સુપરવાઇઝર | ૪,૮૯,૨૯૨/- |
| ૫ | શ્રી આર.આઇ.દલવાડી | સુપરવાઇઝર | ૪,૬૨,૨૬૧/- |
| ૬ | શ્રી એલ.એ.નારીયા | સુપરવાઇઝર | ૪,૬૨,૨૬૧/- |
| ૭ | શ્રી એ.એમ.પરમાર | જુ. કલાર્ક | ૨,૭૧,૩૮૧/- |
| ૮ | શ્રી એન.બી.રાઠોડ | જુ. કલાર્ક | ૩,૪૫,૪૪૪/- |
| ૯ | શ્રી પી.એન.મેડા | જુ.કલાર્ક | ૩,૨૮,૦૮૫/- |
| ૧૦ | શ્રી એ.ડી.પટેલ | જુ.કલાર્ક | ૩,૧૧,૬૭૯/- |
| ૧૧ | શ્રીમતિ એ.બી.ફર્નાન્ડીઝ | અંગ્રેજી ટાઇપીસ્ટ | ૧,૭૭,૪૧૫/- |
| ૧૨ | શ્રી બી.એન.ઝાલા | ગુજરાતી ટાઇપીસ્ટ | ૩,૪૫,૪૪૪/- |
| ૧૩ | શ્રી એમ.બી.પટેલ | ડ્રાઇવર | ૩,૫૮,૪૪૪/- |
| ૧૪ | શ્રી બી.કે.પરમાર | પટાવાળા | ૨,૫૦,૯૩૮/- |
| ૧૫ | શ્રી પી.એલ.પરમાર | પટાવાળા | ૨,૩૦,૦૦૯/- |
| ૧૬ | શ્રી પી.એસ.વાઘેલા | પટાવાળા | ૨,૨૫,૯૫૫/- |
| ૧૭ | શ્રી કે.જી.પટ્ટણી | પટાવાળા | ૨,૨૫,૯૫૫/- |
| ૧૮ | શ્રી સી.જે.ગોહિલ | પટાવાળા | ૨,૧૬,૮૭૮/- |
| ૧૯ | શ્રી આર.કે.પટેલ | પટાવાળા | ૨,૩૦,૮૮૧/- |
| | | કુલ | ૬૦,૮૪,૪૪૬/- |

Signature Not Verified
Signed by:Janak Bhalodiya
Section Officer
Date: 2025.04.25 18:30:40 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign